# પાંચમી દિશા

સમીર ભટ્ટ
પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ,
સમર્પણ આર્ટસ કોલેજ, ગાંધીનગર

---

"મને એજ સમજાતુ નથી કે આવું શાને થાય છે."

આપણી એક બહુ જાણીતી બોધકથા છે. લગભગ દરેકને તેની ખબર છે. એક ગુરુએ પોતાના શિષ્યોને લાકડીનો ભારો આપીને કહ્યું કે, એકીસાથે આ આખા ભારાના બે ભાગ કરી બતાવો. બધા જ શિષ્યોએ વારાફરતી પ્રયત્નો કરી જોયા પણ કોઈ આખા ભારાને એક સાથે ભાંગી શક્યું નહીં. ગુરુએ પૂછ્યુઃ 'આવું કેમ થયું?' શિષ્યોએ કહ્યું કે આખો ભારો કાંઈ એકસાથે તૂટે ખરો? પછી ગુરુએ શિષ્યોને એક પછી એક લાકડી ઉઠાવી તોડવા કહ્યું. શિષ્યો એક પછી એક લાકડી ઉપાડીને તોડતા ગયા. થોડીવારમાં તો બધી જ લાકડીઓને ભાંગી નાખી. આખો ભારો બે ભાગમાં વહેંચાઈ ગયો.

ગુરુએ પછી શિષ્યોને સમજાવતાં કહ્યું કે સંપીને રહેશો તો કોઈ વાળ વાંકો નહીં કરી શકે. લાકડીઓ છૂટી છવાઈ હોય તો તોડવી સરળ છે પણ આખો ભારો તૂટતો નથી. માટે જો છૂટા છવાયા રહેશો તો તમને તોડી પાડવા સરળ છે. એકઠા રહેશો તો કોઈ તોડી નહીં શકે.

વાચક બિરાદર, આ બોધકથાનું શીર્ષક છે. 'સંપ ત્યાં જંપ.' બાળકોમાં સારા સંસ્કારોની સીંચન કરવા માટે ઉપયોગમાંલ ઈ શકાય તેવી કથા છે. બાળકો સંસ્કારી બને, સંપીને રહે તે માટે આવી વાર્તાઓ કહેવાતી હોય છે...... પણ.......

આપણી આસપાસ જીવાતા જીવનને ઝીણી નજરે જોઈશુંત  જણાશે કે અમૂક પ્રકારના માણસોએ તેને જીવનમાં બરાબર ઉતારી લીધી છે અને અમૂક પ્રકારના માણસો આ વાર્તાનો



Publishing URL: : https://www.researchreviewonline.com/issues/volume-8-issue-100-august-2021/RRJ671376

જે બોધ છે તેનાથી બિલકુલ ઉલટું જ વર્તતા રહે છે. કોણ છે, કેવા છે આ બન્ને પ્રકારના લોકો? તેઓ કેમ આવું કરે છે? તેનાથી શું બને છે? જોઈએ.

પહેલા પ્રકારના લોકોમાં સાવ જૂઠ્ઠાડા, દંભી, સ્વાર્થી, બેઈમાનો, હંમેશા વાતાવરણ કેમ બગડે તેની ધખના રાખનારા, કોઈપણ વસ્તુમાં દોષ જોનારા, પોતાના લાભ ખાતર સુધરેલી પરિસ્થિતિને બગાડવામાં પાછીપાની ન કરનારા અને એવાં ઘણા લક્ષણો ધરાવનારાંઓનો સમાવેશ થાય છે. આવા લોકો કોઈપણ જગ્યાએથી તમને મળી આવે. તેઓ આપણાં ધર્મસ્થળોની શોભા વધારનારા સાધુઓ, રાજકારણમાં પડેલા રાજકારણીઓથી લઈને આપણી ઓફિસોમાં ,આપણા સમાજના કહેવાતા વડાઓથી લઈને કદાચ આપણી સાવ આસપાસ શોભામાં અભિવૃદ્ધિ કરનારાં પણ હોય...

આ બધાં લોકોને સ્હેજ ઝીણી નજરે નિહાળીએ તો ખ્યાલ આવે કે તેઓ પાછા ખૂબ સંપીને કામ કરે છે. આવા જે કોઈ હોય તેઓ પહેલાં તો પોતાના નીજી સ્વાર્થ માટે એકમેકની નજીક આવે છે ને પછી તો વ્યવસ્થિત ટોળકી બની જાય છે. એક ‘સીંડીકેટ’ રચાઈ જાય છે. એકમેક સાથેના સ્નેહની સાંકળે બંધાઈને તેઓ કામ કરે છે. એક પર મુશ્કેલી આવી ચડતાં બીજો તેને બચાવી લેવા ઉતરી પડે છે.

એકાદ ક્યારેક ફસાઈ જાય છે અને બીજા અનેક તેને બચાવી લેવા મેદાનમાં ઉતરી પડે છે. અનેક પ્રકારની આંટીઘૂંટીઓ સર્જી – સામાન્ય માણસને ભૂલભૂલામણીમાં ફસાવી, હો-હો દેકારો કરી, દલીલબાજીઓ કરી, તર્કના તરકટો રચીને દીવા જેવા સત્યને ઓલવી પેલા ફસાયેલા તેના જણને બચાવવાના પ્રયાસો કરવા લાગે છે અને મોટાભાગે તેમાં સફળ પણ થાય છે. સમયાંતરે આવું થયા કરે છે. ભ્રષ્ટ રાજકારણીઓ પર આક્ષેપો થાય ત્યારે થાય છે પણ સમય જતા તેઓ ભ્રષ્ટ સાબિત થતાં નથી અને દાગ વિનાના સફેદ દૂધ જેવા ફરી બહાર આવે છે. નાનકડાં બાળક પર કુકર્મો આચરી ભગવા કપડાં લજાવનારને બેશરમ બની બચાવી લેવાના પેંતરા કેટલાક ભગવાધારીઓ દ્વારા જ ચાલુ થઈ જાય છે... ત્યારે તેમના ઉપદેશો કેટલા ખોખલાં હતા, આપણે જેને દેવ માનીને પૂજતાં હતાં તેઓ કેટલાં માટીપગા છે તે સાબિત કરવાની જરૂર રહેતી નથી.....



Publishing URL: : https://www.researchreviewonline.com/issues/volume-8-issue-100-august-2021/RRJ671376

આવા પહેલાં પ્રકારના લોકો જનસમૂહની માનસિકતા બરાબર પારખે છે. તેમને એ ખબર હોય છે કે આપણા સમાજનો કેટલોક હિસ્સો દૂધના ઉભરા જેવો છે. તેને આવેગ ઝડપથી આવે છે. પણ જેટલો ઝડપથી આવેગ આવે છે એટલો જ જલદી શમી પણ જાય છે. તેના સિવાયની મોટાભાગનો સમાજ ભીરુ, સ્વાર્થી અથવા તો નિર્લેપ બની તાલ જોનાર છે. માટે થોડો સમય પસાર થવા દઈશું એટલે ઘીના ઠામમાં ઘી પડી જ જવાનું છે. સંપીને રહીશુ તો વાંધો નહીં આવે. અંતે તો 'સંપ ત્યાં ??? જંપ.'

એક તરફ 'સંપી'ને ખાતા-પીતા-મોજ કરતા આવા માણસો(?) છે તો બીજી તરફ આપણાં કેટલાંક શુદ્ધ જીવન જીવવાનો પ્રયાસ કરતા, બને એટલો ઓછો બગાડ કરવામાં માનનારાં, થોડાંક ઈમાનદાર, થોડાં ફરજનિષ્ઠ, કોઈને પણ બને એટલું ઓછું નડવામાં માનતા કેટલાક સાચા બુદ્ધિજીવીઓનો એક વર્ગ છે. જે ખરેખર સારુ વિચારે છે...... આ બુદ્ધિમાનો છુટીછવાઈ લાકડી જેવા છે. તેઓ એકમેકની સાથે ભળી શકતા નથી. તેમનામાં સંપનો અભાવ છે.... તેઓ સમૂહનું બળ નિર્માણ કરી શકતા નથી. એટલે બને છે એવું કે કોઈપણ પ્રશ્ન કે સમસ્યા તેની સામે આવે ત્યારે તેઓ તેના વિશેનો હલ શોધવાને બદલે દલીલબાજી કરી બેસે છે. ચર્ચા.... ચર્ચા.... ચર્ચા.... અને છૂટા પડી જાય છે. તેમાં પણ તેઓ એકબીજાને બહુ જ ઓછા સહન કરી શકે છે, જરા જેટલું નમતું જોખી બીજાની વાતને સ્વીકારવામાં તેમને નાનપ લાગે છે. કોઈ માણસ કાંઈક સારુ કરવા મથતો હોય તો તેને તર્કના ત્રાજવે તોળી નાખવા તેઓ તત્પર બની જાય છે. તેઓ પોતાનો અહંકાર છોડી શકતા નથી કે અન્ય નીર્ભિક બની સત્યને પ્રગટ કરવાની હિંમત કેળવી શકતા. તેમનામાં શક્તિ હાવો છતાં વેડફાતી રહે છે. અને ક્યારેક તો થોડાક સ્વાર્થને કારણે તેમની શક્તિ પેલાં પહેલાં પ્રકારના માણસોને છાવરવામાં પણ કામે લાગી જતી હોય છે.

આ બધાને પરિણામે સમાજમાં એક ઉદાસીનતા જન્મતી જાય છે. સારાં અને સાચા કામો કરવા દુષ્કર બનતા જાય છે. પહેલા પ્રકારના લોકોના કુકર્મો આવતા રહે છે અને તેમને નિર્દોષ સાબિત કરવામાં તેમના સાથીઓને સરળતા રહે છે Dને જાતે જ ઉભી કરેલી



Publishing URL: : https://www.researchreviewonline.com/issues/volume-8-issue-100-august-2021/RRJ671376

આ ઉદાસિનતા ઓઢીને બુદ્ધિમાનો નિસાસો નાખીને કોઈ ન સાંભળે તેમ ગણગણી ઉઠે છે કરસનદાસ માણેકની આ પંક્તિઃ

“મને એજ સમજાતું નથી કે આવું શાને થાય છે
પથરાં તરી જતા અને ફૂલડાંઓ ડૂબી જાય છે.”